# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદ દ્વારા પસાર કરાયેલા આવકવેરા અને ઓનલાઈન ગેમિંગ સહિત પાંચ વિધેયકને મંજૂરી આપી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ ખાતે રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન શરૂ કરાવશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25 ઓગસ્ટે ગુજરાતની બે દિવસની મુલાકાતે આવશે.

4) આજે દેશભરમાં બીજો રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.

5) બલ્ગેરિયામાં અંડર-20 વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતની કાજલ દોચકે સુવર્ણ ચંદ્રક, તેમજ શ્રુતિ અને સારિકાએ કાંસ્ય ચંદ્રક જીતી લીધા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ-ASSENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદ દ્વારા પસાર કરાયેલા પાંચ વિધેયકોને મંજૂરી આપી છે. જેમાં ઓનલાઈન ગેમિંગ વિધેયક, આવકવેરા કાયદો 2025, કરવેરા કાયદા (સુધારા) અધિનિયમ 2025, મેનેજમેન્ટ સંસ્થાઓ (સુધારા) અધિનિયમ 2025, ખાણ અને ખનિજો (વિકાસ અને નિયમન) સુધારો અધિનિયમ 2025 અને ભારતીય બંદરો અધિનિયમ 2025નો સમાવેશ થાય છે. આ સાથે જ રાષ્ટ્રપતિએ સંસદના બંને ગૃહોને સ્થગિત કરી દીધા છે. ગઈકાલે ચોમાસુ સત્ર અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યું હતું.

# PM-NATURAL-FARMING-MISSION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) ખાતે રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન શરૂ કરવાના છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગયા અઠવાડિયે રાજ્યોના કૃષિ મંત્રીઓ સાથેની બેઠક બાદ આ સંદર્ભમાં જાહેરાત કરી હતી.

(BYTE: SHIVRAJSINH)

કેન્દ્રીય મંત્રીમંડળે ગયા વર્ષે નવેમ્બરમાં કેન્દ્ર પ્રાયોજિત યોજના તરીકે આ મિશનને મંજૂરી આપી હતી. 15માં નાણા પંચ સુધી આ યોજના માટેનો ખર્ચ બે હજાર 481 કરોડ રૂપિયા છે, જેમાં કેન્દ્રનો હિસ્સો એક હજાર 584 કરોડ રૂપિયા અને રાજ્યોનો આઠ હજાર 97 કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશનનો ઉદ્દેશ્ય માટીના સ્વાસ્થ્યમાં સુધારો કરવાનો અને ઇકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવાનો અને ખેડૂતોને વધુ આબોહવા સ્થિતિસ્થાપકતા પ્રાપ્ત કરવા માટે ખર્ચ ઘટાડવાનો છે.

NMNF ટકાઉપણું, આબોહવા સ્થિતિસ્થાપકતા અને સલામત ખોરાક તરફ વૈજ્ઞાનિક રીતે સમર્થિત અભિગમો સાથે કૃષિ પદ્ધતિઓને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# PM NORTH GUJARAT PROJECT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ 25 ઓગસ્ટે ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે.

આ મુલાકાત દરમિયાન શ્રી મોદી ઉત્તર ગુજરાતમાં 307 કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. માર્ગોના નવીનીકરણ, અંડરપાસ અને ઓવરબ્રિજ સહિતના આ પ્રોજેકટથી ઉત્તર ગુજરાતમાં કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી અમદાવાદના નિકોલમાં તૈયાર થયેલા એક સો 33 કરોડ કરતાં વધુના એક હજાર 449 આવાસ અને 130 દુકાનોનું 26મી ઓગષ્ટે લોકાર્પણ કરશે.

# EARLY-PM-KOLKATA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે પશ્ચિમ બંગાળના કોલકાતામાં પાંચ હજાર 200 કરોડ રૂપિયાથી વધુની વિવિધ પરિયોજનાઓનું લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે કહ્યું કે, કોલકાતા ભારતના ઇતિહાસ અને ભવિષ્ય બંનેમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

તેમણે નોંધ્યું કે વર્ષ 2014 પહેલા, દેશમાં ફક્ત 250 કિલોમીટર મેટ્રોનાં રૂટ હતા, જે હવે એક હજાર કિલોમીટરથી વધુનાં થયાં છે.

(બાઈટ --- PM-ON-KOLKATA-METRO)

# NATIONAL SPACE DAY

આજે દેશભરમાં બીજો રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ ચંદ્રયાન-3 મિશનના વિક્રમ લેન્ડરના સફળ સોફ્ટ લેન્ડિંગ અને 23 ઓગસ્ટ 2023ના રોજ ચંદ્ર પર પ્રજ્ઞાન રોવરના પ્રક્ષેપણની યાદમાં ઉજવવામાં આવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GOVT-TIKTOK-BAN

**સરકારે ગઈકાલે સ્પષ્ટતા કરી કે, ભારતમાં TIKTOK પરનો પ્રતિબંધ હટાવવા માટે કોઈ આદેશ બહાર પાડવામાં આવ્યો નથી. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, ભારતમાં TIKTOKનો પ્રતિબંધ દૂર કરવાનો દાવો કરતું કોઈપણ નિવેદન અથવા સમાચાર ખોટા અને ભ્રામક છે.**

**આ સ્પષ્ટતા એવા અહેવાલો વચ્ચે આવી છે કે ભારતમાં લોકો TIKTOKની વેબસાઇટના હોમપેજને ઍક્સેસ કરી શકે છે.**

# WRESTLING

બલ્ગેરિયાના સમોકોવમાં યોજાયેલી અંડર-20 વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતની કાજલ દોચકેએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જ્યારે શ્રુતિ અને સારિકાએ કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

વર્તમાન અંડર-20 એશિયન ચેમ્પિયન 17 વર્ષીય કાજલે 72 કિગ્રા વજનના ફાઇનલમાં ચીનની યુકી લિયુને 8-6થી હરાવી હતી. સારિકાએ મહિલાઓના 53 કિગ્રા વજન વર્ગમાં પોલેન્ડની ઇલોના વોલ્કઝુકને હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. જ્યારે શ્રુતિએ 50 કિગ્રા વજન વર્ગમાં જર્મનીની જોસેફાઇન રેન્ચને 6-0થી હરાવી હતી.

ભારતીય કુસ્તીબાજોએ અત્યાર સુધીમાં સ્પર્ધામાં નવ ચંદ્રક જીત્યા છે જેમાં બે સુવર્ણ, ચાર રજત અને ત્રણ કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

# INTERNATIONAL-BUDDHIST CONFERENCE

ગઈકાલે નવી દિલ્હીમાં યુવા બૌદ્ધ વિદ્વાનોનું ત્રીજું આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં રશિયા, વિયેતનામ, કંબોડિયા, શ્રીલંકા, મ્યાનમાર, તાઇવાન અને ભારત સહિત અનેક દેશોના યુવા વિદ્વાનો, પ્રોફેસરો, સાધુઓ અને મહાનુભાવોએ હાજરી આપી હતી.

સંસ્કૃતિ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, સંમેલન દરમિયાન, ડિજિટલ નવીનતા, આંતર-સાંસ્કૃતિક સંવાદ, શિક્ષણ અને વ્યક્તિગત વ્યવહાર દ્વારા આધુનિક યુગમાં બુદ્ધ ધર્મના અર્થપૂર્ણ પ્રસાર પર ચર્ચા કરવામાં આવી હતી.

આ સંમેલનનું આયોજન આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ દ્વારા સંસ્કૃતિ મંત્રાલયના નેજા હેઠળ ડૉ. આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્રના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# PM-JAPAN-CHINA-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખથી જાપાન અને ચીનના ચાર દિવસના પ્રવાસે જશે. શ્રી મોદી 15મી ભારત-જાપાન વાર્ષિક શિખર પરિષદમાં ભાગ લેવા માટે 29 થી 30 ઓગસ્ટ સુધી જાપાનની મુલાકાત લેશે. આ પ્રધાનમંત્રી મોદીની જાપાનની આઠમી મુલાકાત હશે અને જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબા સાથેની પહેલી શિખર પરિષદ હશે.

તેમની મુલાકાતના બીજા તબક્કામાં, પ્રધાનમંત્રી મોદી 31 ઓગસ્ટથી આવતા મહિનાની 1લી તારીખ સુધી ચીનની યાત્રા કરશે અને તિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠન શિખર પરિષદમાં ભાગ લેશે. શિખર પરિષદ દરમિયાન, પ્રધાનમંત્રી મોદી અનેક વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરે તેવી અપેક્ષા છે. ભારત 2017થી SCOનું સભ્ય છે. તેણે 2022-23 દરમિયાન SCOના રાષ્ટ્ર પ્રમુખોની પરિષદનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું.

# ICMR-DHR-CONFERENCE

ભારતીય આયુવિજ્ઞાન સંશોધન કેન્દ્ર (ICMR)ના ડાયરેક્ટર જનરલ ડૉ. રાજીવ બહલે કહ્યું કે, આરોગ્ય ક્ષેત્રમાં સંશોધનને આગળ વધારવા માટે વિકાસશીલ દેશો વચ્ચે સહયોગ જરૂરી છે. તેમણે દેશમાં સંશોધન માળખાગત

સુવિધાઓ અને ભંડોળને મજબૂત બનાવવા માટે રોકાણની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

ડૉ. બહલે ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત જાહેર આરોગ્યમાં સંશોધન અને નવીનતા પરની આંતરરાષ્ટ્રીય બેઠકના સત્રને સંબોધતા આ વાત કહી હતી. તેમણે વિશ્વ કક્ષાના ઉત્પાદનોના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરીને સંશોધન અને વિકાસને મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરવા બદલ વિકાસશીલ દેશોની પ્રશંસા કરી.

તેમણે કહ્યું કે આ પગલાથી તબીબી ઉપકરણો અને ટેકનોલોજી માટે સમૃદ્ધ અને વિકસિત દેશો પર નિર્ભરતા ઓછી થઈ છે. નેપાળ, શ્રીલંકા, ભૂટાન અને તિમોર-લેસ્ટેના વરિષ્ઠ પ્રતિનિધિઓએ બેઠકમાં ભાગ લીધો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ

- આજના મોટાભાગના અખબારોએ દિલ્હીમાં શ્વાનનું ખસીકરણ કરીન તેમને શેલ્ટર હોમમાં મોકલવાના સમાચાર હેડલાઇનમાં લીધાં આ ઉપરાંત બિહારમાં મતદાર યાદીના મુદ્દે સુપ્રીમ કોર્ટનું વલણ તેમજ  ઉદર પર કેન્સરના ઉપચારની સફળતાના સમાચાર મુખ્ય બનાવ્યાં છે.

  વર્તમાન પત્રો અનુસાર જોઇએ તો

- રખડતા કૂતરાંની નસબંધી –રસીકરણ કરીને છોડી મૂકવાના સુપ્રીમ કોર્ટના આદેશને સંદેશ દૈનિક હેડલાઇન બનાવી છે.
- નવગુજરાત સમયે રખડતાં કૂતરાંને શેલ્ટર હોમમાં નહી મૂકાયા તેવા મથળાં હેઠળ મુખ્ય સમાચાર છાપ્યા છે
- સજાથી બચી ગયા શ્વાન આ સમાચારને હેડલાઇન સ્વરૂપે ફૂલછાબ દૈનિકે પ્રકાશિત કર્યા છે
- મૃત્યુને હંફાવતુ વિજ્ઞાન- ઉંદર પર કેન્સરના ઉપચારમા સફળતા આ હેડલાઇન ગુજરાત સમચારની છે
- દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે નેતા જેલમાં બેસીને સત્તા સુખ ભોગવતા એ જમાના ગયા હવે ખુરશી છોડવી પડશે તેવા નરેન્દ્ર મોદીના નિવેદન સાથેના સમાચાર મુખ્ય પાના પર પ્રસિધ્ધ કર્યા છે.
- આ ઉપરાંત અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે બિહારના સરના મુદ્દે સુપ્રીમ કોર્ટ દ્વારા આધાર કાર્ડને મતદાર યાદીના એક દસ્તાવેજ તરીકેસામેલ કરવના નિર્દેશને પહેલા પેજ ઉપર છાપ્યાં છે.